" विद्यास्वरूपा महाशक्ति "

# विद्याशक्ति

## કરન્ટ અફેર્સ ઈ-મેગેઝીન

## દર સોમવારે પ્રકાશિત થતું કરન્ટ અફેર્સ નું ઈ-મેગેઝીન

www.vidhyashakti.in

સંપાદક :- દરબાર સહદેવસિંહ
સ્થળ :- માળિયા હાટીના
જીલ્લો :- જુનાગઢ
અંક :- ૫૮
તારીખ :- ૧ જાન્યુ.૨૦૧૮

આપના વોટ્સએપ પર અંક મેળવવા માટે **Join Vidhyashakti** લખી **7359470068** પર વોટ્સએપમાંથી મેસેજ મોકલવો. દર સોમવારે અંક મેળવવા આપના મોબાઇલમાં વિદ્યાશક્તિનો નંબર **SAVE** હોવો જરૂરી છે.

Copyright@2017 vidhyashakti.in. All rights reserved.

## * ~ ગુજરાત ~ *

- ગુજરાતમાં સતત છઠીવાર ભાજપની સરકાર બની. મુખ્યમંત્રી વિજય રૂપાણી , નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત કેબિનેટમંત્રી અને રાજયકક્ષાનાં મંત્રીઓએ શપથ લીધા.

વિદ્યાશક્તિ

| ગુજરાત મંત્રીમંડળ કેબિનેટ કક્ષા | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | વિભાગ | કયાંથી ચુંટાયા |
| ૧ | વિજયભાઇ રૂપાણી | સામાન્ય વહિવટ વિભાગ, ઉધોગ, ગ્રુહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ ખનિજ, માહિતી અને પ્રસારણ, પેટ્રોલિયમ, કલાયમેન્ટ ચેન્જ, પ્લાનિંગ, સાયન્સ અને ટેકનોલોજી અને કોઇ મંત્રીને ન ફાળવેલ હોય તેવી બાબતો | રાજકોટ પશ્ચિમ |
| ૨ | નીતિનભાઇ પટેલ | નાણા, માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના વિભાગ. | મહેસાણા |
| ૩ | ભુપેન્દ્રસિંહ ચુડાસમા | શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર, મીઠા ઉધોગ, નાગરીક ઉડયન, ગૌસંવર્ધન,વૈધાનિક અને સંસદીય બાબતો | ધોળકા |
| ૪ | આર.સી.ફળદુ | કુષિ, ગ્રામવિકાસ, મત્સ્ય ઉધોગ, પશુપાલન અને વાહન વ્યવહાર | જામનગર દક્ષિણ |
| ૫ | કૌશિકભાઇ પટેલ | મહેસુલ વિભાગ | નારણપુરા |
| ૬ | સૌરભભાઇ પટેલ | ઉર્જા વિભાગ | બોટાદ |
| ૭ | ગણપતભાઇ વસાવા | આદિવાસી વિકાસ, પ્રવાસન, વન, મહિલા અને બાળ કલ્યાણ | માંગરોળ(સુરત) |
| ૮ | જયેશભાઇ રાદડીયા | અન્ન નાગરીક પુરવઠા, ગ્રાહકોની બાબતો, કુટીર ઉધોગ, | જેતપુર |
| ૯ | દિલિપભાઇ ઠાકોરે | શ્રમ રોજગાર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ , યાત્રાધામ વિકાસ. | ચાણસ્મા |
| ૧૦ | ઇશ્વરભાઇ પરમાર | સામાજીક ન્યાય અને અધિકારીતા | બારડોલી |
| ગુજરાત મંત્રીમંડળ કેબિનેટ કક્ષા | | | |

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રદિપસિંહ જાડેજા | ગૃહ,ઉર્જા,કાયદો, ન્યાયતંત્ર, પોલિસ હાઉસીંગ(રાજયકક્ષા) , બોર્ડર સિકયુરીટી, સિવિલ ડીફેન્સ, જેલ, નશાબંધી અને આબકારી ,પ્રોટોકોલ. બિનનિવાસી ગુજરાતી પ્રભાગ(સ્વતંત્ર હવાલો) | વટવા |
| ૨ | પરબતભાઇ પટેલ | સિંચાઇ અને પાણી પુરવઠા(સ્વતંત્ર હવાલો) | થરાદ |
| ૩ | જયદ્રથસિંહ પરમાર | કૃષિ (રાજયકક્ષા), પંચાયત પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) | હાલોલ |
| ૪ | રમણભાઇ પાટકર | વન અને આદિજાતિ વિભાગ | ઉંમરગામ |
| ૫ | પરષોતમભાઇ સોલંકી | મત્સ્ય ઉધોગ | ભાવનગર ગ્રામીણ |
| ૬ | ઇશ્વરભાઇ પટેલ | સહકાર, રમતગમત અને યુવક સાંસ્કુતિક(સ્વતંત્ર હવાલો) વાહનવ્યવહા(રાજયકક્ષા) | અંકલેશ્વર |
| ૭ | વાસણભાઇ આહિર | સામાજીક અએ શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ | અંજાર |
| ૮ | કિશોરભાઇ કાનાણી | આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ | વરાછા રોડ સુરત |
| ૯ | બચુભાઇ ખાબડ | ગ્રામગ્રુહા નિર્માણ, ગ્રામ વિકાસ, પશુપાલન, ગૌસંવર્ધન | દેવગઢ બારીયા |
| ૧૦ | વિભાવરીબેન દવે | મહિલા બાળ કલ્યાણ,યાત્રાધામ અને શિક્ષણ | ભાવનગર પુર્વ |

- ૨૭ થી ૩૧ ડીસે. દરમિયાન ૨૫મી ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ અમદાવાદમાં સાયન્સસીટીમાં યોજાઇ. ૬ એશિયન દેશો અને ૩૦ રાજયોનાં બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો. તેની થીમ" સાયન્સ, ટેકનોલોજી એન્ડ ઇનોવેશન ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ" હતી.
- ગુજરાત સેલ્ફ ફાયનાન્સ સ્કુલ(રેગ્યુલેશન ઓફ ફી) એકટ -૨૦૧૭ ને હાઇકોર્ટે માન્ય રાખ્યો.
- સાબરમતી રિવરફ્રન્ટ ઇવેન્ટ ગ્રાઉન્ડ ખાતે ફલાવર શો -૨૦૧૮ ને મુખ્યમંત્રીએ ખુલ્લો મુકયો.

❖ નર્મદા નદી પર પંઢારીયાથી ખંભાતના અખાત સુધી અને તાપી નદી પર હથનુર ડેમ થી ખંભાતનાં અખાત સુધી જળમાર્ગ બનશે. ૩ વર્ષમાં ૩૨ નવા જળમાર્ગો તૈયાર કરવાની સરકારની યોજના .

## * ~ ભારત ~ *

❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હી મેટ્રોના નવા મજેન્ટા રેલમાર્ગનું ઉદ્ઘાટન કર્યું. આ રેલમાર્ગ નોઇડાનાં બોટનીકલ ગાર્ડનથી કાલકાજી મંદીર સુધીનો છે, તેની લંબાઇ ૧૨.૬૪ કિમી છે.
❖ જુનમાં દિલ્હી –કાબુલ વચ્ચે એર કાર્ગો સેવા શરૂ થયા બાદ મુંબઇ-કાબુલ વચ્ચે પણ એર કાર્ગો સેવા શરૂ થઇ. ૪૦ ટન ફળનાં જથ્થા સાથેનું પ્રથમ વિમાન કાબુલ પહોચ્યું.
❖ હિમાચલમાં ૧૪માં મુખ્યમંત્રી જયરામ ઠાકુર બન્યા. શિમલામાં રીઝ મેદાન પર યોજાયેલ શપથગ્રહણ સમારોહમાં ગવર્નર આચાર્ય દેવવ્રત એ ૧૧ મંત્રીઓને શપથ લેવડાવ્યા. વિધાનસભાનાં અધ્યક્ષ રાજીવ બિંદલ બન્યા.
❖ નીતિ આયોગનાં અટલ ઇનોવેશન મિશન (AIM) હેઠળ ટિંકરીંગ લેબ(ATL) ની સ્થાપના માટે દેશભરની ૧૫૦૦ શાળાઓની પસંદગી કરાઇ. આવી શાળાઓમાં ૬ થી ૧૨ ધોરણનાં વિદ્યાર્થીઓને પોતાનાં ઇનોવેટીવ વિચારોને સાકાર રૂપ આપવા માટે વાતાવરણ મળશે.
❖ ધ મુસ્લિમ વુમન(પ્રોટેકશન ઓફ રાઇટ્સ ઓન મેરેજ) બિલ-૨૦૧૭ લોકસભામાં પસાર કરાયુ.
-એક સાથે ૩ તલાક સામે લાગુ થશે.
-મૌખિક, ઇમેઇલ, વોટ્સએપ, ફેસબુક, મેસેજ કે સોશિયલ મિડિયાનાં માધ્યમથી ત્રિપલ તલાક આપવા ગેરકાનુની અને અમાન્ય હશે.
-૩ વર્ષની સજાની જોગવાય છે.
❖ ૭૮મી ઇતિહાસ કોંગ્રેસ કલકતાની જાદવપુર યુનિ.માં શરૂ.
❖ પશુરોગ અને લક્ષણો વિશે માહિતી આપતી લાઇવ સ્ટોક ડિસીઝ ફોરવોર્મિંગ( LDF) મોબાઇલ એપ્પ કેન્દ્રિય કૃષિમંત્રી રાધામોહનસિંહ એ લોંચ કરી. આ એપ્પ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ વેટરનરી એપિડિમયોલીજી એન્ડ ડિસીઝ ઇન્ફોરમેટીકસ (ICAR-NIVEDI) બેંગ્લોર દ્વારા ડેવલપ કરવામાં આવી છે.

- ન્યુયોર્કની જેમ પોતાનો લોગો ધરાવતું ભારતનું પ્રથમ શહેર બેંગ્લોર બન્યુ. લોગોની ડિઝાઇન સ્ટાર્ટ અપ કંપની નામ્મુરે તૈયાર કરી છે.
- ઓરિસ્સામાં સંસ્કુતિ, ભાષા અને પુરાતત્વની જાળવણી માટે મુખ્યમંત્રીની આગેવાનીમાં હેરીટેઝ કેબિનેટની રચના કરાઇ.
- અભિનેત્રી અનુષ્કા શર્મા PETA( પીપલ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ) ની પર્સન ઓફ ધ યર બની. PETA ની સ્થાપના ૧૯૮૦માં નોર્ફોક (વર્જીનિયા-અમેરિકા)માં થયેલ. જે પ્રાણીઓ ને બચાવવા માટે કાર્ય કરે છે.
- UGCનાં નવા અધ્યક્ષ ધર્મેન્દ્ર પાલ સિંઘ બન્યા. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન એકટ-૧૯૫૬ હેઠળ UGC ની સ્થાપના ૧૯૫૬માં સ્થપાયેલ.
- IPS અભય NCB(નાર્કોટીકસ કંટ્રોલ બ્યુરો)નાં મહાનિર્દેશક બન્યા. ગ્રુહ મંત્રાલય હેઠળનાં NCBની સ્થાપના ૧૯૮૬માં થયેલ.
- IAS સુમિતા મિશ્રાની પ્રધાનમંત્રીની ઇકોમિક એડવાઇઝરી કાઉંસિલ ( PMEAC) નાં સંયુકત સચિવ તરીકે નિમણુંક.
- ICCRનાં અધ્યક્ષ તરીકે વિનય સહસ્ત્રબુધ્ધેની નિમણુંક. ICCR(ઇન્ડિયન કાઉન્સિલ ઓફ કલ્ચરલ રીલેશન) ની સ્થાપના ૧૯૫૦માં થયેલ અને પ્રથમ અધ્યક્ષ મૌલાના અબ્દુલ કલામ આઝાદ હતા.
- CISFના ડીરેકટર જનરલ ઓ.પી.સિંઘ ઉતરપ્રદેશ પોલિસનાં નવા ડીજીપી બન્યા.
- તમિલનાડુમાં રજનીકાંત નવો પક્ષ બનાવશે. આવનારી વિધાનસભાની ચુંટણીમાં ૨૩૪ બેઠકો પર પોતાનાં ઉમેદવારો ઉભા રાખશે.

## * ~ વિશ્વ ~ *

- અમેરિકા બાદ ગ્વાટેમાલા દેશ પણ ઇઝરાયેલમાં પોતાનું દુતાવાસ તેલ અવીવથી ખસેડીને જેરૂસ્લેમ લાવશે. સેન્ટ્રલ અમેરિકી દેશ ગ્વાટેમાલાનું પાટનગર ગ્વાટેમાલા સીટી છે. તેનું ચલણ ક્વેતઝલ છે.
- સાઉદી અરબ અને UAE પણ હવે ટેક્સ ફ્રી નહિ રહે, ૧ જાન્યુ.૨૦૧૮ થી વેટ લાગુ પડશે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઓઇલની કિમતોને લીધે, મહેસુલી આવક ઘટતા સરકારનો નિર્ણય.

- લંડન સ્થિત સેન્ટર ફોર બિઝનેસ એન્ડ ઇકોનોમિક રીચર્સનાં રીપોર્ટ મુજબ ૨૦૧૮ સુધીમાં બ્રિટન અને ફ્રાન્સને પાછળ રાખીને ભારત વિશ્વનું ૫મું મોટુ અર્થતંત્ર બની જશે. હાલમાં ભારતીય અર્થતંત્ર ૭માં નંબર પર છે.
- એકલા વ્યક્તિઓને માઉન્ટ એવરેસ્ટ ચઢવા પર નેપાળે પ્રતિબંધ મુક્યો. પર્વતારોહણમાં બનતી ઘટનાઓને અટકાવવા માટે આ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.
- ભારતનાં વિરોધને પગલે મુંબઇ હુમલાનાં માસ્ટર માઇન્ડ હાફિઝ સૈયદની રેલીમાં ભાષણ આપનાર પેલેસ્ટાઇન રાજદુત વલીદ અબુ અલીને પાકિસ્તાનથી પરત બોલાવી લીધો. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી ફેબ્રુ.માં પેલેસ્ટાઇનની મુલાકાતે જવાના છે.
- અમેરિકા બાદ ઇઝરાયેલ પણ UNESCO માંથી અલગ થયુ. UNESCOના ડીરેકટર જનરલ ઔડ્રી ઔઝુલેય છે, અને હેડકવાર્ટર પેરીસમાં છે.
- એમનેસ્ટી ઇન્ટરનેશનલનાં નવા સેક્રેટરી જનરલ ભારતીય મુળના કુમી નાયડુ બન્યા. તેઓ સલિલ શેટ્ટીનું સ્થાન લેશે. માનવાધિકાર માટે લડત આપતી અને ૧૯૬૧માં સ્થાપાયેલ એમનેસ્ટી નું વડુમથક લંડનમાં આવેલ છે. તેની સ્થાપના પીટર બેનેનસન એ કરેલ.
- સાઉદી અરબમાં મહિલા રાજદુતની નિમણુંક કરનાર પ્રથમ દેશ બેલ્ઝીયમ બન્યો. રિયાધમાં બેલ્જીયમનાં રાજદુત ડૉમિનિક મિનેઉર બન્યા.
- લાઇબેરીયાનાં પ્રસીડન્ટ તરીકે પુર્વ ફૂટબોલર જયોર્જ વી ચુંટાયા.
- ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ જર્નાલિસ્ટ(બ્રુસેલ્સ)નાં વાર્ષિક રીપોર્ટ મુજબ ૨૦૧૭માં ૮૧ રિપોર્ટરની હત્યાઓ થઇ છે, જેમાં સૌથી વધુ હત્યા મેકસિકોમાં થઇ છે.
- ચીનમાં જીનાન એકસપ્રેસ વે પર પ્રથમ સોલાર હાઇવે શરૂ કરાયો છે. જેમાં ત્રિસ્તરીય પડ હશે અને સૌથી ઉપર મજબુત સોલર પેનલ લાગેલ હશે, જેનાથી વિજળી ઉત્પન થશે.

## * ~ આર્થિક જગત ~ *

- વિદેશી ભંડોળ મેળવતી બધી જ સંસ્થાઓને નકકી કરેલ ૩૨ બેંકોમાંથી કોઇ એક જ બેંકમાં ખાતુ ખોલાવવાનો આદેશ. PFMS(પબ્લીક ફાયનાન્સ મેનેજમેન્ટ સિસ્ટમ) હેઠળ આ બેંકોમાં ખાતુ ખોલાવવુ જરૂરી છે.
- ૨૫ ડીસે.૨૦૧૭ સુધીમાં GSTની કુલ વસુલાત ૮૦૮૦૮ કરોડ થઇ. ૯૯.૦૧ લાખ વ્યાપારીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યુ.

- ૨૦૧૬-૧૭નાં વર્ષમાં એક્સ્પોર્ટમાં સૌથી વધુ વૃધ્ધિ કરવા બદલ ઓરિસ્સાને "ચેમ્પિયન સ્ટેટ" જાહેર કરાયુ. ૨૦૧૫-૧૬માં એકસપોર્ટ ૧૯૦૮૨ કરોડની હતી જે વધીને ૨૦૧૬-૧૭માં ૪૦૮૭૨ કરોડ થઇ.
- FMCG(ફાસ્ટ મુવિંગ કન્ઝયુમર ગુડસ) કેટેગરીમાં ભારતની સૌથી વિશ્વનીય બ્રાન્ડ પતંજલીને જાહેર કરાય. બ્રાન્ડનું મુલ્યાંકન કરતી ટ્રસ્ટ રીચર્સ એડવાઇઝરીના" ધ બ્રાન્ડ ટ્રસ્ટ રીપોર્ટ ઇન્ડિયા સ્ટડી-૨૦૧૭"માં ૧૧ હજાર કંપનીઓને સામેલ કરાય હતી.
- સરકારે નાની બચત પરનાં વ્યાજ દર ૦.૨% ઘટાડ્યા. હવેથી NSC(નેશનલ સેવિંગ સર્ટીફિકેટ) અને PPF(પબ્લીક પ્રોવિડન્ટ ફંડ) પર ૭.૬% , જયારે કિસાન વિકાસપત્ર પર ૭.3% વ્યાજ મળશે.
- ભારતમાં ૨૦૧૬-૧૭માં દુધનું ઉત્પાદન ૧૬૩.૭ મિલિયન ટન થયુ. છેલ્લા ૧૫ વર્ષથી ભારત દુધનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. ભારતમાં વાર્ષિક દુધ ઉત્પાદનમાં વધારો ૫.૫% છે.
- ઇન્ડિયન ઇકોનોમિક એસોસીએશનનું શતાબ્દી સંમેલન આંધ્રપ્રદેશનાં ગંટુરમાં આચાર્ય નાગાર્જુન યુનિ. માં રાષ્ટ્રપતિની ઉપસ્થિતીમાં યોજાયુ. ઇન્ડિયન ઇકોનોમિક એસોસીએશનની સ્થાપના ૧૯૧૭માં થયેલ, જેમાં હાલ ૫ હજાર મેમ્બર છે.
- શાકભાજી માટે લઘુતમ ટેકાનાં ભાવ જાહેર કરનાર દેશનું પ્રથમ રાજય હરિયાણા બન્યુ. ભાવાંતર ભરપાઇ યોજના હેઠળ શાકભાજી માટેની કિંમતો નકકી થશે.
- ભારતમાં ૨૦૧૫-૧૬નાં વર્ષમાં માત્ર ૧.૭% એટલે કે ૨.૦૬ કરોડ લોકોએ ઇન્કમટેકસ ભર્યો. ઇન્કમ ટેક્સ રીટર્ન ફાઇલ કરનારની સંખ્યા ૩.૬૫ કરોડથી વધીને ૪.૦૭ કરોડ થઇ.

## * ~ રમત જગત * ~

- ICC ટી-૨૦ રેંકિંગમાં ભારત બિજા સ્થાને પહોચ્યુ. જયારે પાકિસ્તાન પ્રથમ નંબરે છે.
- ઇન્ડિયન બોકસીંગ ફેડરેશનનાં પુર્વ અધ્યક્ષ અશોકકુમાર માટુનુ નીધન. તેઓ ૧૯૮૦ થી ૮૯ અને ૧૯૯૩ થી ૨૦૦૧ અધ્યક્ષ રહ્યા હતાં.
- ભારત SAFF અન્ડર-૧૫ મહિલા ફૂટબોલ ચેમ્પિયનશિપ ફાઇનલમાં બાંગ્લાદેશ સામે હારીને ઉપવિજેતા બન્યુ.
- રીયાધમાં યોજાયેલ વિશ્વ રેપીડ શતરંજ ચેમ્પિયનશિપ ભારતનાં વિશ્વનાથ આનંદે જીતી લીધી. ૨૦૦૩માં તેમણે પ્રથમ રેપીડ શતરંજ ચેમ્પિયનશિપ જીતી હતી.

- તિરૂવનંતપુરમમાં યોજાયેલ છઠી રાષ્ટ્રીય નિશાનેબાજી ચેમ્પિયનશિપમાં ૫૦ મી.પીસ્ટલ સ્પર્ધામાં જીતુ રાયએ નવા રેકર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો. તેમણે ૨૩૩ અંક મેળવ્યા હતા, જે રાષ્ટ્રીય રેકોર્ડ છે.
- વિદર્ભ ટીમનાં ઝડપી બોલર રજનીશ ગુરબાનીએ રણજી ટ્રોફીની ફાઇનલમાં દિલ્હી સામે હેટ્રીક સાથે ૬ વિકેટ ઝડપી. તે રણજી ટ્રોફીની ફાઇનલમાં હેટ્રીક લેનાર બિજો બોલર બન્યો છે, આ પહેલા ૧૯૭૩માં તમિલનાડુનાં કે.બી.કલ્યાણસુંદરમએ મુંબઇ સામે હેટ્રીક લીધી હતી.
- ભારતમાં ફૂટબોલને પ્રોત્સાહન આપવા માટે પ્રિમિયર લીગનાં બ્રાન્ડ એમ્બેસેન્ડર તરીકે અભિનેતા રણવીરસિંઘની નિમણુંક.

## * ~ સંરક્ષણ / વિજ્ઞાન ~ *

- ઇન્ડિયન એરફોર્સએ મિશન સેવન સમિટ માઉન્ટરીંગ લોન્ચ કરી, જે મુજબ ૭ ખંડનાં ઉંચા પહાડો પર ભારતીય ત્રિરંગા સાથે ટીમ પહોચશે.
- ભારતે દેશમાં જ વિકસાવેલ સુપરસોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યુ. ૭.૫ મી. લાંબી સિંગલ સ્ટેજ રોકેટ ગાઇડેડ મિસાઇલ નેવીગેશન પ્રણાલીની આધારે ઓછી ઉંચાઇએ પણ ટાર્ગેટ તોડી પાડે છે. ત્રિજા ટેસ્ટમાં આ મિસાઇલે પૃથ્વી મિસાઇલને તોડી પાડી હતી. ભારત એન્ટી બેલિસ્ટીક મિસાઇલ પ્રણાલી ધરાવતો વિશ્વનો ચોથો દેશ બન્યો છે, અત્યાર સુધી અમેરિકા, રશિયા અને ઇઝરાયેલ પાસે જ આવી પ્રણાલી છે.
- ૧૦ જાન્યુ એ ઇસરો એકસાથે ૩૧ ઉપગ્રહોને PSLV C-40 રોકેટ દ્વારા અવકાશમાં તરતા મુકશે.
- વાયુસેનાનાં વડા બી.એસ.ધનોઆએ "હોકીઝ વિમાન" ની અંતિમ ઉડાન ભરી.
- ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૮ હૈદ્રાબાદની ઓસ્માનિયા યુનિ.ને બદલે મણિપુરના ઇમ્ફાલમાં યોજાશે. ૧૦૬ વર્ષનાં ઇતિહાસમાં પ્રથમવાર તેનું સ્થાન છેલ્લી ઘડીએ સુરક્ષા કારણોસર બદલવુ પડ્યુ છે.
- ભારતમાં ૨૦૨૫ સુધીમાં LIGO(લેઝર ઇન્ટરફેરોમીટર ગ્રેવિટેશનલ વેવ ઓબ્ઝરવેટરી) ગ્રેવિશનલ વેવ ડીટેકટર બનશે. તે વિશ્વનું ત્રિજુ LIGO ડીટેકટર બનશે. હાલમાં આવા બે ડીટેકટર અમેરિકામાં કાર્યરત છે.

- અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લીકેશન સેન્ટર( SAC) દ્વારા ન્યુ એડવાન્સ હાઇટેક રિમોટ સેન્સર કેમેરા બનાવવામાં આવશે. જે ૩૦૦ કિમીની ઉંચાઇએથી તસ્વિરો લેવા માટે સક્ષમ હશે.

## Person of The Week

### * રજનીકાંત(સયાજી રાવ ગાયકવાડ) *

-રાજનીતિમાં જંપલાવનાર રજનીકાંત તમિલ અને હિન્દી ફિલ્મ અભિનેતા છે, દક્ષિણ ભારતમાં તેમને ભગવાનની જેમ ચાહકો પુજે છે. તેઓ તમિલનાડુમાં થલાઇવા તરીકે જાણીતા છે.

-રજનીકાંતનાં નામે જાણીતા સયાજી રાવ ગાયકવાડનો જન્મ કર્ણાટકનાં બેંગ્લોરમાં એક મરાઠા પરીવારમાં ૧૨ ડીસે.૧૯૫૦માં થયેલ.

-પત્ની લથા રજનીકાંત અને બે પુત્રીઓ ઐશ્વર્યા અને સૌદર્યા છે.

--તેમણે પ્રાથમિક શિક્ષણ પુરૂ કર્યા બાદ રામક્રિષ્ન મિશનમાં ભારતીય વેદ, પરંપરા અને સંસ્કુતિનો અભ્યાસ કર્યો, જેણે તેની આધ્યાત્મિકતામાં વધારો કર્યો.

-તૅમણે મદ્રાસ ફિલ્મ ઇન્સ્ટીટ્યુટ માં અભ્યાસ કર્યો અને શરૂઆતમાં બસ કંડકટર તરીકે નોકરી કરી હતી.

-તેમના આધ્યાત્મિક ગુરૂ સ્વામી રાઘવેન્દ્ર હતા.

-તેમણે ફિલ્મ કેરીયરની શરૂઆત કે બાલાચંદ્રન ની ફિલ્મ "અપુર્વ રાંગગલ" થી કરી હતી, તેઓ કે.બાલાચંદ્રનને પોતાના ગુરૂ માને છે.

-તેઓને ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આપેલ યોગદાન બદલ પધ્મભુષણ (૨૦૦૦) અને પધ્મવિભુષણ (૨૦૧૬) થી સન્માનીત કરાયા છે.

-શિવાજી ફિલ્મ માટે તેને ૨૬ કરોડ રૂપિયા ચુકવવામાં આવ્યા હતા, જે જેકી ચાન બાદ એશિયામાં સૌથી વધુ કમાણી કરનાર અભિનેતા હતો.

-તેમણે તમિલ, તેલુગુ, કન્ન્ડ, મલયાલમ,હિન્દી,અંગ્રેજી વગેરે ફિલ્મોમાં કામ કર્યુ છે.

-પ્રથમ ફિલ્મ અપુર્વ રાંગગલ ૧૯૭૫માં રિલીઝ થયા બાદ અનેક ફિલ્મો આવી ગાયત્રી, સાધુરંગમ, પ્રિયા, ટાઇગર, કાલી, બ્લડસ્ટોન(અંગ્રજી), શિવા,શિવાજી, રા વન જેવી અનેક યાદગાર ફિલ્મો આપી છે.

## * ~ Days of The week ~ *

૨૬-ડિસે-બોકસીંગ ડે

## * ~પ્રશ્નોતરી * ~

(૧) ગુજરાતનાં મહેસુલ મંત્રી કોણ બન્યુ છે ?
(૨) ગુજરાતનાં ગ્રુહ ખાતાનાં કેબિનેટ મંત્રી કોણ છે ?
(૩) ૭૮મી ઇતિહાસ કોંગ્રેસ કયા યોજાય ?
(૪) પોતાનો લોગો ધરાવતુ દેશનું પ્રથમ શહેર કયુ બન્યુ ?
(૫) હેરીટેજ કેબિનેટની રચના કયા રાજયમાં થઇ ?
(૬) PETA ની પર્સન ઓફ ધ યર કઇ ભારતીય અભિનેત્રી બની ?
(૭) UGCનાં નવા અધ્યક્ષ કોણ બન્યુ ?
(૮) NCBના ડીરેકટર જનરલ કોણ બન્યુ ?
(૯) ICCRનાં અધ્યક્ષ કોણ બન્યુ ?
(૧૦) ઉતરપ્રદેશ પોલિસનાં નવા ડીજીપી તરીકે કોની નિમણુંક થઇ ?
(૧૧) અમેરિકા બાદ કયાં દેશે દુતાવાસ ઇઝરાયેલનાં તેલ અવીવ થી જેરૂસ્લેમ ખસેડવાની જાહેરાત કરી ?
(૧૨) અમેરિકા બાદ કયા દેશે UNESCO નું સભ્યપદ છોડ્યુ ?
(૧૩) એમ્નેસ્ટી ઇન્ટરનેશનલના નવા સેક્રેટરી જનરલ કોણ બન્યુ ?
(૧૪) સાઉદી અરબમાં મહિલા રાજદુતની નિમણુંક કરનાર પ્રથમદેશ કયો ?
(૧૫) કયા દેશમાં સોલર હાઇવે બન્યો ?
(૧૬) PFMS નું પુરૂનામ શુ છે ?
(૧૭) ૨૦૧૬-૧૭નાં વર્ષમાં એકસપોર્ટ વુધ્ધિ માટે કયા રાજયને ચેમ્પિયન સ્ટેટ જાહેર કરાયુ ?
(૧૮) નાની બચતનાં વ્યાજદરમાં કેટલો ઘટાડો થયો ?
(૧૯) શાકભાજી માટે લઘુતમ ટેકાનાં ભાવ જાહેર કરનાર પ્રથમ રાજય કયુ ?
(૨૦) ICC ટી-૨૦ રેકિંગમાં ભારત કેટલામાં સ્થાને છે ?

(૨૧) વિશ્વ રેપીડ શતરંજ ચેમ્પિયનશિપ કોણ જીત્યુ ?

(૨૨) છઠી રાષ્ટ્રીય નિશાનેબાજી ચેમ્પિયનશિપમાં જીતુ રાય એ કઇ ઇવેન્ટમાં રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યુ ?

(૨૩) રણજી ટ્રોફીની ફાઇનલમાં હેટ્રીક લેનાર બિજો બોલર કોણ બન્યુ ?

(૨૪) સુપરસોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલ પ્રણાલી વિકસાવનાર ભારત વિશ્વનો કેટલામોં દેશ બન્યો ?

(૨૫) ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ કયાં યોજાશે ?

## *~ જવાબો *~

(૧) કૌશિક પટેલ (૨) વિજય રૂપાણી (૩) કલકતા (૪) બેંગ્લોર (૫) ઓરિસ્સા (૬) અનુષ્કા શર્મા (૭) ધર્મ પાલ સિંઘ (૮) IPS અભય (૯) વિનય સહસ્ત્રબુધ્ધે (૧૦) ઓ.પી.સિંઘ (૧૧)ગ્વાટેમાલા (૧૨) ઇઝરાયેલ (૧૩) કુમી નાયડુ (૧૪) બેલ્ઝીયમ (૧૫) ચીન (૧૬) પબ્લિક ફાયનાન્સ મેનેજમેન્ટ સિસ્ટમ (૧૭) ઓરિસ્સા (૧૮) ૦.૨% (૧૯) હરિયાણા (૨૦) બિજા (૨૧) વિશ્વનાથ આનંદ (૨૨) ૫૦ મી. પીસ્ટલ (૨૩) રજનીશ ગુરબાની (૨૪) ચોથો (૨૫) ઇમ્ફાલ

વિદ્યાશક્તિ